**-: આંક-૧ લગત હુકમ :-**

(૧) અરજદારની અરજી વંચાણે લીધી. અરજીની સાથે રજુ કરવામાં આવેલ દસ્તાવેજો ધ્યાને લીધા.

(૨) અરજદારના વિ.વ.શ્રીએ મુદ્દામાલ અરજી સંદર્ભે દલીલ કરેલ છે કે, આ કામના અરજદારના IDFC First Bank ના ખાતા નં. ૧૦૦૮૫૨૮૧૦૭૮ માંથી કુલ રૂા. ૩૫,૦૦૦/- ઉપડી ગયેલ હતા. જેની ફરીયાદ અરજદાર દ્વારા તા. ૧૦/૦૯/૨૦૨૫ ના રોજ ૧૯૩૦ નંબર ઉપર કોલ કરીને નોંધાવેલ હતી. જેથી અરજદારને ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશને બોલાવેલા. ત્યારબાદ સાઈબર ક્રાઈમ પોલીસ દ્વારા સામાવાળાના (૧) બેંક ઓફ બરોડા (ઈન્ક્લુડીંગ વિજ્યા બેંક એન્ડ દેના બેંક) ના ખાતા નંબર ૯૩૯૯૦૧૦૦૦૦૭૦૩૮ માં કુલ રૂા. ૨૦,૦૦૦/- સી.આર.પી.સી. કલમ-૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ હતા. આ બાબતે એફ.આઈ.આર. થયેલ નથી. આથી આપ સાહેબને જણાવવાનું કે અમોને ખુબજ આર્થીક નુકશાન થયેલ છે. જેથી અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૩) વધુમાં આ કોર્ટ દ્વારા લેખીત અભિપ્રાય તથા જરૂરી દસ્તાવેજો રજુ કરવા જણાવેલ. ત્યારબાદ તા. ૦૨/૦૪/૨૦૨૬ ના રોજ મુદ્દામાલ અભિપ્રાય પોલીસ દ્વારા મોકલવામા આવેલ. જે અભિપ્રાય મુજબ આ સાયબર અરજી એકનોલોજમેન્ટ નં. ૩૧૧૦૯૨૫૦૧૮૧૫૧૭ વાળી અત્રેના પો.સ્ટે. મળતા ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશન સાયબર અરજી થયેલ અને અરજદાર **રેવર પરેશભાઈ હરીભાઈ, રહે. ઘોઘાવદર, તા. ગોંડલ, જી. રાજકોટ** વાળાઓ સાથે તા. ૧૦/૦૯/૨૦૨૫ ના રોજ સાયબર ક્રાઈમનો બનાવ બનેલ હતો જેમાં અરજદારના IDFC First Bank ના ખાતા નં. ૧૦૦૮૫૨૮૧૦૭૮ માંથી કુલ રૂા. ૩૫,૦૦૦/- ઉપડી ગયેલ હતા. જેની ફરીયાદ ૧૯૩૦ નંબર ઉપર કોલ કરીને નોંધાવેલ હતી. જે અરજદારની ફરીયાદ આધારે સાયબર ક્રાઈમ સેલ સી.આઈ.ડી. ક્રાઈમ, ગાંધીનગર દ્વારા અરજદારના ઉપરોકત ખાતામાંથી ગયેલ નાણા પૈકી સામાવાળાના (૧) બેંક

ઓફ બરોડા (ઈન્કલુડીંગ વિજ્યા બેંક એન્ડ દેના બેંક) ના ખાતા નંબર ૯૩૯૯૦૧૦૦૦૦૭૦૩૮ માં કુલ રૂા. ૨૦,૦૦૦/- સી.આર.પી.સી. કલમ-૧૦૬ મુજબ ફ્રીઝ કરાવેલ હતા. જે નાણા પાછા મેળવવા માટે અરજદારે આપ નામદાર સાહેબની કોર્ટમાં અરજી કરેલ હોય અને તે સારુ અમારો અભિપ્રાય માંગેલ છે. જે બાબતે જણાવાનું કે અરજદારશ્રી નાઓ સામાવાળાના (૧) બેંક ઓફ બરોડા (ઈન્કલુડીંગ વિજ્યા બેંક એન્ડ દેના બેંક) ના ખાતા નંબર ૯૩૯૯૦૧૦૦૦૦૭૦૩૮ માં કુલ રૂા. ૨૦,૦૦૦/- ફ્રિઝ થયેલ છે. સદરહું ખાતુ સીઝ કર્યા બાદ શંકાસ્પદ બેંક ખાતાધારકોને અત્રેના પો.સ્ટે.થી તેમની બેંક તરફથી અપાયેલ સરનામા પર રજીસ્ટર એડી. કરી અને સદરહું નોટીસ મળ્યેથી સાત દિવસમાં અત્રેના પો.સ્ટે. ખાતે હાજર રહેવા સમજ કરેલ હોય પરંતુ આજ દિન સુધી સદરહું એકાઉન્ટ હોલ્ડર અત્રેના પો.સ્ટે. આવેલ ન હોય જેથી અરજદારે કોર્ટમાં બેંક ફ્રિઝ થયેલ રકમ રીફંડ કરવા માટે બી.એન.એસ.એસ.કલમ-૪૯૭ અને ૫૦૩ મુજબની અરજી કરેલ હોય જેમાં પોલીસ દ્વારા હોલ્ડ થયેલ રકમ બાબતે યોગ્ય હુકમ કરવા અભિપ્રાય આપેલ છે.

**(૪)** સમગ્ર રેકર્ડની ચકાસણી કરતા આ કામના અરજદારના ખાતામાંથી તા. ૧૦/૦૯/૨૦૨૫ ના રોજ આ કામના અરજદારના IDFC First Bank ના ખાતા નં. ૧૦૦૮૫૨૮૧૦૭૮ માંથી કુલ રૂા. ૩૫,૦૦૦/- સામાવાળાના (૧) બેંક ઓફ બરોડા (ઈન્કલુડીંગ વિજ્યા બેંક એન્ડ દેના બેંક) ના ખાતા નંબર ૯૩૯૯૦૧૦૦૦૦૭૦૩૮ માં કુલ રૂા. ૨૦,૦૦૦/- ફ્રીઝ થયેલ હોય અને તે ફ્રિઝ બાબતે ગોંડલ તાલુકા પો.સ્ટે. નાઓએ સામાવાળા (૧) બેંક ઓફ બરોડા (ઈન્કલુડીંગ વિજ્યા બેંક એન્ડ દેના બેંક) ના ખાતા નંબર ૯૩૯૯૦૧૦૦૦૦૭૦૩૮ માં કુલ રૂા. ૨૦,૦૦૦/- ના બેસ્ટ કલેમેટ હોય જેથી આ રકમ અરજદાર **રેવર પરેશભાઈ હરીભાઈ** નાઓને આપવા ઉચીત જણાય આવે છે.

**(૫)** ઉપરોકત હકિકત તથા કેસનું રેકર્ડ તેમજ આ કામના અજરદાર નાઓ દ્વારા આ અરજી સાથે રજુ કરેલ નામ. સર્વોચ્ચ અદાલતના સુંદરલાલ અંબાલાલ દેસાઈના ચુકાદાને માનસહ વંચાણે લેતા અરજદાર જ બેસ્ટ

કલેમેન્ટ હોય જેથી તેઓને ફ્રિઝ રકમ આપવા ઉચીત જણાય આવે છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**-// હુ ક મ //-**

અરજદાર **રેવર પરેશભાઈ હરીભાઈ, રહે. ઘોઘાવદર, તા. ગોંડલ, જી. રાજકોટ નાઓને મુદ્દામાલ ફ્રિઝ કરેલ રકમ રૂા. ૨૦,૦૦૦/-** સામાવાળાના (૧) બેંક ઓફ બરોડા (ઈન્કલુડીંગ વિજયા બેંક એન્ડ દેના બેંક) ના ખાતા નંબર ૯૩૯૯૦૧૦૦૦૦૭૦૩૮ માંથી અરજદારના IDFC First Bank ના ખાતા નં. ૧૦૦૮૫૨૮૧૦૭૮ માં પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

(૧) અરજદારે મુદ્દામાલ નામદાર કોર્ટ અગર પોલીસ જયારે અને જયાં ફરમાવે ત્યારે અને ત્યાં અચુક રજુ કરવાનું રહેશે.

(૨) આ હુકમની એક નકલ અમલવારી માટે સબંધિત પોલીસ સ્ટેશને મોકલવી.

આ હુકમ આજ રોજ તારીખ ૦૯ મી, માંહે.-એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ ચુકાદો ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૦૪/૨૦૨૬ (આર.એસ.રાઠોડ)
સ્થળ : ગોંડલ. ત્રીજા એડી.ચીફ જયુડી. મેજી.,ગોંડલ.